| A | This Question Booklet Contains 16 Printed Pages | પ્રશ્નપુસ્તિકા ક્રમાંક | |
|---|---|---|---|

# PA

| | | | |
|---|---|---|---|
| સમય | : 1 કલાક | Time | : 1 hour |
| કુલ પ્રશ્નો | : 100 | Total Que. | : 100 |
| કુલ ગુણ | : 100 | Total Marks | : 100 |

**ઉમેદવારનો બેઠક નંબર**

| 2 | 9 | | | | | | |
|---|---|---|---|---|---|---|---|

સૂચના ન મળે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.

## ઉમેદવારોને સૂચના :

(01) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે વિકલ્પ E છે. પ્રશ્નની સાથે જ પાંચેય વિકલ્પ આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. તમારે આ સાથે અલગ ઉત્તરપત્ર (OMR SHEET) માંજ ઉત્તર આપવાના છે. ઉદાહરણ તરીકે.

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

A) સરદાર પટેલ B) સુભાષચંદ્ર બોઝ

C) મહાત્મા ગાંધી D) વિનોબા ભાવે

E) જવાબ આપવા માંગતા નથી.

ઉત્તરપત્ર (OMR SHEET) માં.

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "C" છે. આથી "C" નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

(02) 1 થી 100 પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઇ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઇ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.
ઉમેદવારને જવાબવહી મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો ઉમેદવાર ફોજદારી ગુનાને પાત્ર બનશે.

(03) પરીક્ષા શરુ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઇ છે.

(04) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(05) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઇનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબદીઠ તથા ખાલી છોડેલ જવાબદીઠ 0.25 માઇનસ ગુણ કાપવામાં આવશે. પરંતુ જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ડાર્ક કરશે તો 0.25 ગુણ કાપવામાં આવશે નહિં.

(06) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઇ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(07) ઉત્તરપત્ર (OMR SHEET)ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંને સહી વિનાની OMR SHEET (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે અને ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(08) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઇ પણ સાહિત્ય, ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(09) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઇન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink) બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે:**
(સાચા જવાબની સંખ્યા × 1 - {(ખોટા જવાબની સંખ્યા × 0.25) + (ખાલી છોડેલ જવાબની સંખ્યા × 0.25) + (છેકછાક કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની સંખ્યા × 0.25)} = ઉમેદવારને પ્રાપ્ત થતાં ગુણ.

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગ નિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

**001.** આ નદીઓમાંથી કોનું મૂળ એટલે કે ઉદ્‌ભવ સ્થાન ગુજરાતમાંજ છે?

(A) શેત્રુંજી (B) સાબરમતી

(C) મહી (D) બનાસ

**002.** નજીક નજીક પથરાયેલી રૂપરેખાની (કન્ટુર) શૃંખલા નીચે મુજબ દર્શાવે છે.

(A) સીધો ઢળાવ (B) એકસમાન ઢાળ

(C) સપાટ જમીન (D) ઓછો ઢાળ

**003.** 'સાચી ઉત્તર દિશા' તથા 'ચુંબકીય ઉત્તર દિશા' ............

(A) હંમેશા સમાન હોય (B) ક્યારેક સમાન હોય

(C) ક્યારેય સમાન ન હોય (D) બંને વચ્ચે કોઈ સંબંધ નથી

**004.** રાષ્ટ્રપતિ રાજ્યસભામાં અલગ અલગ ક્ષેત્રોના વધુમાં વધુ કેટલા નિષ્ણાત સભ્યોની નિયુક્તિ કરી શકે છે?

(A) 02 (B) 07

(C) 12 (D) 05

**005.** કન્યા કેળવણી ક્ષેત્રે ગુજરાત સરકારે શરુ કરેલ યોજનાનું નામ શું છે?

(A) કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ (B) કન્યા વિકાસ પ્રવેશોત્સવ

(C) કન્યા સાક્ષરતા મહોત્સવ (D) કન્યા કલ્યાણ મહોત્સવ

**006.** નેટવર્ક સાથે જોડાયેલા બધા કમ્પ્યુટરને કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) વર્કીંગ મશીન (B) વર્ક સ્ટેશન

(C) કમ્પ્યુટર સ્ટેશન (D) એકેય નહીં

**007.** $1000^7 \div 10^{18}$ બરાબર કેટલા થાય?

(A) 100 (B) 10,000

(C) 1000 (D) 10

**008.** $\frac{15}{x} = \frac{8}{10}$ તો $x$ નું મૂલ્ય કેટલું?

(A) 18 (B) 16.8

(C) 12.5 (D) 18.75

**009.** અદના આદમીનો જીવનમંત્ર કયો છે?

(A) નિષ્કામ કર્મ કરો
(B) જીવો અને જીવવા દો
(C) કામચોરી કરો
(D) ઈશ્વરમાં આસ્થા રાખો

**010.** ગુજરાતમાં કન્યા કેળવણીના ઉત્તેજન માટે કઈ યોજના અમલમાં મૂકી છે?

(A) મહિલા બોન્ડ
(B) સરસ્વતી બોન્ડ
(C) વિદ્યાલક્ષ્મી બોન્ડ
(D) નર્મદા બોન્ડ

**011.** 1 મીટર ........ નેનો મીટર

(A) $10^6$
(B) $10^{-9}$
(C) $10^9$
(D) $10^{-6}$

**012.** किसके लिए काला अक्षर भेंस बराबर था?

(A) विद्याधर के लिए
(B) ज्ञानचंद
(C) ज्वालाप्रसाद
(D) बलवार सिंह

**013.** નીચે દર્શાવેલ પૈકી કયા ઝાડનું લાકડું ઓજારોના હાથા બનાવવા માટે પસંદ કરી શકાય?

(A) સાગ
(B) ખેર
(C) ચીલ
(D) દેવદાર

**014.** કર્કવૃત્ત ભારતના કેટલાક રાજ્યોમાંથી પસાર થાય છે. પરંતુ અહીં આપેલા કયા રાજ્યમાંથી તે પસાર થતું નથી?

(A) ગુજરાત
(B) મહારાષ્ટ્ર
(C) મધ્યપ્રદેશ
(D) ત્રિપુરા

**015.** $\triangle ABC$ ની બાજુઓનાં મધ્યબિંદુઓ D, E અને F છે. જો $\triangle ABC$ ની પરિમિતિ 18 હોય તો $\triangle DEF$ ની પરિમિતિ કેટલી હોય?

(A) 9
(B) 12
(C) 18
(D) 6

**016.** Fools rush in where angels fear to tread. (Find adverb clause of place)

(A) Fools rush in
(B) Rush in where
(C) Where angels fear to tread
(D) Fools rush in where

**017.** ગાંધીનગરનું સર્વપ્રથમ જાહેરક્ષેત્રનું મકાન કયું હતું?

(A) પથિકાશ્રમ
(B) સેક્રેટરીએટ
(C) ગાંધીમંદિર
(D) વિધાનસભા

**018.** દગ - સમાનાર્થી શબ્દ લખો.

(A) દશ્ય
(B) દષ્ટિ, નજર
(C) ચશ્મા
(D) દેખાવ

**019.** બિંદુઓ (2, 5) અને (–3, 4) વચ્ચેનું અંતર ............ છે.

(A) 6
(B) $\sqrt{26}$
(C) $\sqrt{82}$
(D) 10

**020.** પુરાતત્ત્વ વિભાગની સ્થાપના કયા વાઈસરોયના સમયમાં થઈ?

(A) લિટન
(B) રિપન
(C) કર્ઝન
(D) મિન્ટો

**021.** એકસેલ એપ્લિકેશનને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) વર્ડ પ્રોસેસર
(B) સ્પ્રેડશીટ
(C) પ્રેઝન્ટેશન
(D) એકેય નહીં

**022.** પાણીના સ્તર ઊંચા લેવલે હોય તેવા પ્રકારની જમીન માટે કયા પ્રકારના ‘ફાઉન્ડેશન’ યોગ્ય છે?

(A) રાફ્ટ (Raft)
(B) સ્ટ્રીપ (Strip)
(C) પાઈલ (Pile)
(D) સ્વતંત્ર ફુટીંગ (Isolated Pad)

**023.** અજંતાની ગુફાઓ કયા રાજ્યમાં આવેલી છે?

(A) મધ્યપ્રદેશ
(B) હિમાચલ પ્રદેશ
(C) ગુજરાત
(D) મહારાષ્ટ્ર

**024.** ભસ્મ (આયુર્વેદિક દવા) ધાતુ ખનિજની કઈ પ્રક્રિયાથી બનેલા નેનો કણ છે?

(A) જૈવિક (B) ભૌતિક

(C) રાસાયણિક (D) A, B, C ત્રણેય

**025.** ડાયલિસીસની સારવાર શરીરના કયા અંગ સાથે સંબંધિત છે?

(A) કીડની (B) ફેફસાં

(C) હૃદય (D) લીવર

**026.** નીચે દર્શાવેલ પૈકી કયા પથ્થરને ઘડવાની જરૂર રહેતી નથી?

(A) લાઈમ સ્ટોન (B) સેન્ડ સ્ટોન

(C) સ્લેટ (D) કૃત્રિમ પથ્થર

**027.** અહીં આપેલી વ્યાખ્યામાંથી સાચી કઈ છે?

(A) PWD - પબ્લિક વર્ક ડિવિઝન

(B) CPWD - કોમ્પ્યુનિટિ પ્રાયોરિટી વર્ક ડિપાર્ટમેન્ટ

(C) BOT - બીલ્ડ, ઓકે, ટોટલ

(D) PPP - પીપલ પાર્ટીસીપેશન પ્રોજેક્ટ્સ

**028.** કડાણા બંધ કઈ નદી પર છે?

(A) તાપી (B) સાબરમતી

(C) વાત્રક (D) મહી

**029.** બજારનો રાજા કોણ છે?

(A) વેપારી (B) ગ્રાહક

(C) ઉત્પાદક (D) વિક્રેતા

**030.** નીચેના પૈકી કોણ રાષ્ટ્રની સંપતિ ગણાય છે?

(A) વૃદ્ધો (B) બાળકો

(C) વિકલાંગો (D) વૃક્ષો

**031.** લાકડું એ ..........

(A) દાણાદાર મટિરીયલ

(B) છિદ્રિલ મટિરીયલ

(C) સમાંગ મટિરીયલ

(D) અનિયમિત રૂપવાળું મટિરીયલ (આકારહીન)

**032.** કયા સમાજ સુધારકનું વાસ્તવિક નામ નરેન્દ્ર હતું?

(A) વિવેકાનંદ

(B) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

(C) દયાનંદ સરસ્વતી

(D) રાજા રામમોહનરાય

**033.** બે અંકની સંખ્યાનો એકમનો અંક P અને દશકનો અંક $r$ હોય તો તે સંખ્યા કઈ છે?

(A) $10x + y$

(B) $10p + r$

(C) $10y + x$

(D) $10r + p$

**034.** કોઈ પણ નકશામાં તેના શીર્ષક માટેની યોગ્ય જગ્યા કઈ હોય છે?

(A) ઉપર ડાબે

(B) ઉપર જમણે

(C) નીચે ડાબે

(D) નીચે જમણે

**035.** ગુજરાત રાજ્યમાં આપત્તિ વ્યવસ્થાપન માટેની મધ્યસ્થ સંસ્થા કઈ છે?

(A) ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

(B) ગુજરાત રાજ્ય શહેરી વિકાસ સત્તામંડળ

(C) ગુજરાત રાજ્ય ઔદ્યોગિક વિકાસ સત્તામંડળ

(D) ગુજરાત મેરીટાઈમ બોર્ડ

**036.** Rahul is dull to understand the comment of his friend. (Use 'Because')

(A) Rahul cannot understand the comment of his friend because he is dull.

(B) Rahul should not understand the comment of his friend, he is dull.

(C) Because Rahul cannot understand the comment of his friend, he is dull.

(D) Rahul is dull because he cannot understand the comment of his friend.

**037.** દ્વિઘાત સમીકરણ $x^2 + 5x + 1 = 0$ ના વિવેચક D નું મૂલ્ય .......... છે.

(A) 29 (B) 21

(C) 24 (D) 26

**038.** નીચે દર્શાવેલ પૈકી કયું લાકડું ઘડવામાં મુશ્કેલ હોય છે?

(A) બીઓ (B) દેવદાર

(C) જાંબુડો (D) આંબલી

**039.** અહીં નદી તથા તેના ઉપર આવેલા બંધના નામની જોડી બનાવેલી છે. તેમાંથી કઈ જોડી ખોટી છે?

(A) સાબરમતી-ગાંધીબંધ (B) નર્મદા-સરદાર સરોવર

(C) તાપ્તિ-ધરોઈ બંધ (D) બનાસ-દાંતીવાડા

**040.** રાષ્ટ્રીય ધોરી માર્ગ (NATIONAL HIGHWAY) ગુજરાતમાંના નંબર સાથે સંકળાયેલ એક સ્થળનું નામ આપેલ છે જેમાંથી કઈ જોડી ખોટી છે?

(A) રા. ધોરી માર્ગ-8 મુંબઈ (B) રા. ધોરી માર્ગ-15 સામખીયાણી

(C) રા. ધોરી માર્ગ-6 સાપુતારા (D) રા. ધોરી માર્ગ-228 દાંડી

**041.** કૉમ્પ્યુટર આધારિત રેકર્ડ ચિત્રો (Drawing) ના શત્રુઓ કોણ છે?

(A) કૉમ્પ્યુટર વાયરસ (B) ચિત્રમાંના લેયરનું અવ્યવસ્થાપણું

(C) અપદ્ધતિસર ફાઈલનું નામ (D) ત્રણેય

**042.** દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાનને કયો ઉદ્યોગ નુકસાન પહોંચાડે છે?

(A) થર્મલ સ્ટેશન (B) ટાઈલ્સ ઉદ્યોગ

(C) ઈંટ ઉદ્યોગ (D) કાપડ ઉદ્યોગ

**043.** કયું શહેર જહાજ ભાંગવાના ઉદ્યોગ સાથે સંકળાયેલું છે?

(A) માંડવી (B) સુરત

(C) ઓખા (D) અલંગ

**044.** લોકનાયકનું બિરૂદ કોણે મેળવ્યું હતું?

(A) ગાંધીજી
(B) સરદાર
(C) ઈન્દુલાલ યાજ્ઞિક
(D) જયપ્રકાશ નારાયણ

**045.** રાજ્યનાં વહીવટી કાર્યો કોના નામથી થાય છે?

(A) મુખ્યમંત્રી
(B) સ્પીકર
(C) રાજ્યપાલ
(D) રાષ્ટ્રપતિ

**046.** ''ચીપકો આંદોલન'' કોની સાથે સંબંધિત છે?

(A) ભ્રષ્ટાચાર વિરોધી
(B) અનુસૂચિત જનજાતિ વિકાસ
(C) મહિલા ઉત્થાન
(D) વનસંરક્ષણ

**047.** $\Delta ABC$ માં $m\angle B = 90$ અને $\overline{BM}$ એ કર્ણ $\overline{AC}$ પરનો વેધ છે. જો $AM = 16$, $AC = 25$ તો $BM =$ ..................

(A) 9
(B) 20
(C) $\sqrt{41}$
(D) 12

**048.** 6, 13, 28, 59 ................. એ ક્રમમાં હવે પછી કઈ સંખ્યા આવે?

(A) 119
(B) 122
(C) 120
(D) 125

**049.** ત્રિકોણની મધ્યગાઓના સંગમબિંદુને ત્રિકોણનું કયુ કેન્દ્ર કહેવાય?

(A) લંબકેન્દ્ર
(B) પરિકેન્દ્ર
(C) અંતઃકેન્દ્ર
(D) ગુરુત્વકેન્દ્ર

**050.** 'વર્નાક્યુલર પ્રેસ એક્ટ' કયા વાઈસરોયે લાગુ કર્યો?

(A) કેનિંગ
(B) લિટન
(C) રિપન
(D) કર્ઝન

**051.** You cannot use ‘if’, unless the sentence is proper. (Use ‘if’)

(A) Unless the sentence is not proper, you cannot use ‘if’.

(B) If the sentence was not proper, you cannot use ‘if’.

(C) If the sentence is not proper, you cannot use ‘if’.

(D) If the sentence is not proper, you can use ‘if’.

**052.** આર.સી.સી. બીમમાં કોમ્પ્રેશન - દબાણનું કોણ વધુ વહન કરે છે?

(A) સ્ટીલ

(B) સીમેન્ટ કોન્ક્રિટ

(C) સ્ટીલ તથા સીમેન્ટ કોન્ક્રિટ બન્ને સરખા ભાગે

(D) સીમેંટ કાંકરેટ વધુ બાકીનું સ્ટીલ

**053.** કન્સટ્રકશનની સાઇટ ઉપર આ વ્યક્તિઓમાંથી કોણ બિલ-હિસાબ-માપ વિ. કાર્ય કરે છે?

(A) ઓવરસિયર

(B) સાઇટ સુપરવાઇઝર

(C) ક્લાર્ક ઓફ વર્ક્સ

(D) કન્સ્ટ્રકશન એન્જિનીયર

**054.** ટેક્ષ્ચર ટેસ્ટ ઇંટ માટે ...........

(A) કણ રચના

(B) દાબ સામર્થ્ય

(C) તાણ સામર્થ્ય

(D) સખતાઈ નક્કી કરે છે

**055.** Mohammad Rafi is one of the best singers of India. (Change the degree)

(A) Mohammad Rafi is better than most other singers of India.

(B) No other singer of India is as good as Mohammad Rafi.
Mohammad Rafi is better then any other singer of India.

(C) No other singer of India is as better as Mohammad Rafi

(D) Most of the singers were not as good as Mohammad Rafi.

**056.** ગુજરાત વન વિકાસ નિગમની આયુર્વેદિક દવાઓ કયા બ્રાન્ડ (નામ) થી વેચાય છે?

(A) સુશ્રુત

(B) ધનવંતરી

(C) ડાબર

(D) ઝંડુ

**057.** વિશ્વ બાયોડાયવર્સિટી દિવસ ક્યારે ઉજવાય છે?

(A) 11 ડિસેમ્બર (B) 29 ડિસેમ્બર

(C) 22 મે (D) 5 જૂન

**058.** ''દાંડીકૂચ'' એ ગાંધીજીનો સત્યાગ્રહ નીચેનામાંથી શેના માટે હતો?

(A) બાળલગ્ન (B) વિદેશી કાપડ

(C) મીઠાનો વેરો (D) દારૂબંધી

**059.** ધરતીકંપનો આંચકો આવે-ધ્રુજારી અનુભવો તે સમયે તમારા આંગણાની પરસાળમાં સૂતા હો તો બચવા માટે તાત્કાલિક શું કરશો?

(A) દોડીને ઘરમાં સંતાઈ જઈશ (B) ઝાડ ઉપર ચઢી જઈશ

(C) ઓઢીને સૂઈ જઈશ (D) દોડીને ખુલ્લા મેદાનમાં જતો રહીશ

**060.** રાજેન્દ્ર શાહના ક્યા કાવ્યસંગ્રહને દિલ્હી સાહિત્ય અકાદમીનો શ્રેષ્ઠ એવોર્ડ મળ્યો છે?

(A) ધ્વનિ (B) શાંત કોલાહલ

(C) આંદોલન (D) ક્ષણ જ ચિરંતન

**061.** વ્હાઈટ વોશ માટે વપરાતો ચૂનો?

(A) શુધ્ધ ચૂનો (B) હાઈડ્રોલીક ચૂનો

(C) નબળો ચૂનો (D) ચૂનાની લાપી

**062.** ગુજરાત તથા પરદેશમાં વિખ્યાત તેવું સંખેડાનું ફર્નિચર ક્યા જિલ્લામાં તૈયાર થાય છે?

(A) વડોદરા (B) સાબરકાંઠા

(C) પંચમહાલ (D) જામનગર

**063.** નીચે દર્શાવેલ પૈકી કયું પરીક્ષણ કોર્સ એગ્રીગેટ્સ માટે છે?

(A) નક્કરતા (B) કન્સીસ્ટન્સી

(C) એબ્રેશન ટેસ્ટ (D) ફાઈનનેસ મોડ્યુલસ

**064.** બે અંકોની એક સંખ્યાનો એકમનો અંક $x$ અને દશકનો અંક $2x$ હોય, તો સંખ્યા ................ છે. $(0 < x < 5, x \in N)$

(A) $3x$ (B) $12x$

(C) $22x$ (D) $21x$

**065.** અબદ્ધ અને બારિક રેતીની સલામત ધારણક્ષમતા કઈ છે?

(A) 10 $T/m^2$ (B) 1 $T/m^2$

(C) 50 $T/m^2$ (D) 100 $T/m^2$

**066.** એક ટન એટલે કેટલા ગ્રામ થાય?

(A) 1000 (B) 10,000

(C) 10,00,000 (D) 1,00,000

**067.** હરડે, બહેડા, આંબળા ત્રણેના પાવડરથી કયુ ચૂર્ણ બને છે?

(A) ત્રિકૂટ (B) ત્રિફળા

(C) રસાયણ ચૂર્ણ (D) હિંગવાષ્ટક ચૂર્ણ

**068.** ભારતના બંધારણે દરેક નાગરિકને કેટલા મૂળભૂત અધિકારો આપ્યા છે?

(A) પાંચ (B) છ

(C) સાત (D) આઠ

**069.** ISI નામની સંસ્થા હવે કયા નામથી ઓળખાય છે?

(A) BSI (B) ISA

(C) CIS (D) BIS

**070.** ભારતની પ્રથમ રાષ્ટ્રીય વનનીતિ ક્યારે અમલમાં આવી?

(A) 1947 (B) 1952

(C) 1957 (D) 1961

**071.** Shut the door, ............... ?

(A) can you ? (B) will they ?

(C) will you ? (D) can they ?

**072.** આ સંસ્થાઓમાં કઈ સંસ્થા રહેઠાણના મકાન સાથે સંકળાયેલી નથી ?

(A) ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન

(B) ગુજરાત મેરી ટાઈમ બોર્ડ

(C) સ્લમ ક્લિયરન્સ બોર્ડ

(D) અમદાવાદ અરબન ડેવલપમેન્ટ ઓથોરીટી (AUDA)

**073.** બીમમાં ક્યું સ્ટીલ વધારે માત્રામાં હોય છે ?

(A) કોમ્પ્રેશન - દબાણ માટેનું

(B) ટેન્શન - ખેંચાણ માટેનું

(C) ટોર્શન - ખેંચાણ - ટ્વીસ્ટીંગ માટેનું

(D) શીયર - રીંગ વિ. વપરાતું

**074.** અમદાવાદના સરદાર સ્ટેડીયમની છત (ROOF) ઝૂલતાં પ્રકારની છે. (CANTILEVER) આવી રચના અહીં આપેલ ક્યા સ્ટ્રક્ચરમાં છે ?

(A) ઝૂલતા મિનારા - સારંગપુર, અમદાવાદ

(B) ઝૂલતા પુલ - હરિદ્વાર પાસે

(C) ગાડીનો પોર્ચ

(D) સરકસના તંબુ માટે

**075.** What time is it now ................ your watch ?

(A) by (B) in

(C) at (D) to

**076.** ''ધ સ્ટેચ્યુ ઓફ લિબર્ટી'' એ શેનું પ્રતીક છે ?

(A) શાંતિ (B) ભાઈચારો

(C) સ્વતંત્રતા (D) દેશદાઝ

**077.** ડેસ્કટોપ ઉપર ચિત્ર બદલવા માટે ક્યા ઓપ્શનનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) એસેસરીઝ (B) ડિસ્પ્લે પ્રોપર્ટી

(C) પેઈન્ટ (D) એકેય નહીં

**078.** તાજેતરમાં નીચેનામાંથી કઈ નવી ઓપરેટીંગ સિસ્ટમ બજારમાં આવી છે ?

(A) વિન્ડોઝ 7 (B) વિન્ડોઝ 10

(C) વિન્ડોઝ 8 (D) એકેય નહીં

**079.** પુષ્કર નામનું સરોવર ક્યાં આવેલું છે ?

(A) રાજસ્થાન (B) ઉત્તરપ્રદેશ

(C) પંજાબ (D) જમ્મુ અને કાશ્મીર

**080.** ભારતમાં એક રૂપિયાની નોટ ઉપર નીચેનામાંથી કોની સહી હોય છે ?

(A) રિઝર્વ બેંકના ગવર્નરની (B) રિઝર્વ બેંકના ડે. ગવર્નરની

(C) નાણામંત્રી (D) નાણાં સચિવ

**081.** ''પિંગ પોંગ'' કઈ રમતનું બીજું નામ છે ?

(A) ટેબલ ટેનિસ (B) આઈસ હોકી

(C) લોન ટેનિસ (D) કેરમ

**082.** નેનો સાયન્સ શેનો અભ્યાસ સૂચવે છે ?

(A) ક્વૉન્ટમ યંત્રશાસ્ત્ર (B) જૈવ પરમાણુઓનો

(C) વિદ્યુત ચુંબકીય તરંગોનો (D) યાંત્રિક તરંગોનો

**083.** અર્થસભર ચિત્ર (Drawing) માં ............. જરૂરી હોય છે.

(A) પ્રમાણમાપ (Scale) (B) ટાઈટલ

(C) ઉત્તર દિશા (D) આ ત્રણેય

**084.** નીચેનામાંથી કયું સાધન નાનામાં નાના કમ્પ્યુટર તરીકે ઓળખાય છે ?

(A) LAPTOP (B) PC

(C) PDA (D) એકેય નહીં

**085.** વર્ડ એપ્લિકેશનને બીજા ક્યા નામથી ઓળખવામાં આવે છે ?

(A) વર્ડ પ્રોસેસર (B) સ્પ્રેડશીટ

(C) પ્રેઝન્ટેશન (D) એકેય નહીં

**086.** એગ્રીગેટની કઠોરતા માપવા કઈ કસોટી કરવામાં આવે છે ?

(A) દળાવવાની ક્ષમતાની કસોટી (B) આઘાત ક્ષમતાની કસોટી

(C) અણીશુદ્ધતાનું પરીક્ષણ (D) પોપડીપણાની કસોટી

**087.** જમીનની એવી મોજણી કે જે પર્વતો, નદીઓ, જળાશયો અને જંગલો દર્શાવવા માટે કરવામાં આવે છે ?

(A) માલિકી અંગેની મોજણી (B) શહેરી મોજણી

(C) સ્થલીકૃતિક મોજણી (D) નિર્દેશક નકશો સર્વેક્ષણ

**088.** સંતુલિત પર્યાવરણ માટે કુલ ભૌગોલિક વિસ્તારનો કેટલા ટકા વિસ્તાર જંગલ વિસ્તાર હોવો જોઈએ ?

(A) 25% (B) 37%

(C) 33% (D) 41%

**089.** ક્યો પથ્થર પાર્ટીશન દિવાલ માટે યોગ્ય છે ?

(A) સ્લેટ (B) ગ્રેનાઈટ

(C) ડોલેરાઈટ (D) સાઈનાઈટ

**090.** $P(x) = x^3 + 2x^2 + 6x + 5$ હોય તો p(–1) નું મૂલ્ય શોધો.

(A) 0 (B) –1

(C) 1 (D) 2

**091.** રોમન અંક લીપી મુજબ X = 10 અને L = 50, C = 100, CM = 900 અને M = 1000 હોય તો MCMLXXV બરાબર કેટલા હશે ?

(A) 1975 (B) 1970

(C) 1950 (D) 1985

**092.** વાયરસની શોધ ક્યા દેશે કરી ?

(A) પાકિસ્તાન (B) ભારત

(C) અમેરિકા (D) ચીન

**093.** પિતા અને પુત્રનું સંયુક્ત વજન 70 kg છે. પિતાના વજનના $\frac{1}{6}$ ભાગનું પુત્રનું વજન છે. તો પિતાનું વજન શોધો.

(A) 50 kg (B) 60 kg

(C) 80 kg (D) 55 kg

**094.** પ્રથમ કક્ષાની ઈંટને પાણીમાં ચોવીસ કલાક સુધી ડુબાડવામાં આવે તો તે તેના વજનના કેટલા ટકાથી વધારે પાણી ચૂસી લેશે નહીં ?

(A) 10% (B) 15%

(C) 20% (D) 5%

**095.** લીનટુ છાપરૂ એ છાપરાનો પ્રકાર છે જેમાં ઢાળ નીચે પ્રમાણે છે.

(A) એક બાજુ (B) બે બાજુ

(C) ત્રણ બાજુ (D) ચાર બાજુ

**096.** જો સમગ્ર વર્તુળ ($360^o$) ના સંદર્ભમાં કોઈ એક રેખાનો ખૂણો $289°$ હોય તો ચરણના સંદર્ભમાં તે નીચે મુજબ લખાય.

(A) N 71 E (B) S 109 W

(C) S 109 E (D) N 71 W

**097.** ઓટોકેડ (Autocad) માં ચિત્ર બનાવવાની શરૂઆત કરતા સમયે ક્યા સ્કેલ હોવા જોઈએ ?

(A) 10:1 (B) 1:1

(C) 1:10 (D) ત્રણેમાંથી એકપણ નહીં

**098.** CD નું પૂરું નામ શું છે ?

(A) Compact Disk (B) Compress Disk

(C) Compare Disk (D) એકેય નહીં

**099.** $kx^2 - 4x - 4 = 0$ નો વિવેચક 64 હોય, તો $k$ = .............

(A) 3 (B) 4

(C) 5 (D) 8

**100.** કચ્છનું કયું શહેર સુડી અને છરી-ચપ્પાના ઉદ્યોગ માટે જાણીતું છે ?

(A) ભચાઉ (B) રાપર

(C) અંજાર (D) ભૂજ

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

પરીક્ષા પૂરી થાય બાદ ઉત્તરપત્ર (OMR SHEET)
વર્ગ નિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે.
તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી
પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

| Exam No. 29 - PA | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Planning Asistant | | | | | | | | | |
| 25 July, 2014 | | | | | | | | | |
| Total candidates : 129 - Total Vacancy - 3 | | | | | | | | | |
| Q. No. | Ans. | Q. No. | Ans. | Q. No. | Ans. | Q. No. | Ans. | Q. No. | Ans. |
| 1 | A | 21 | B | 41 | D | 61 | A | 81 | A |
| 2 | A | 22 | C | 42 | A | 62 | A | 82 | A |
| 3 | B | 23 | D | 43 | D | 63 | C | 83 | D |
| 4 | C | 24 | A | 44 | D | 64 | D | 84 | C |
| 5 | A | 25 | A | 45 | C | 65 | A | 85 | A |
| 6 | B | 26 | D | 46 | D | 66 | C | 86 | B |
| 7 | C | 27 | D | 47 | D | 67 | B | 87 | C |
| 8 | D | 28 | D | 48 | B | 68 | C | 88 | C |
| 9 | B | 29 | B | 49 | D | 69 | A | 89 | A |
| 10 | C | 30 | D | 50 | B | 70 | B | 90 | A |
| 11 | C | 31 | B | 51 | C | 71 | C | 91 | A |
| 12 | A | 32 | A | 52 | B | 72 | B | 92 | A |
| 13 | B | 33 | D | 53 | C | 73 | B | 93 | B |
| 14 | B | 34 | D | 54 | A | 74 | C | 94 | C |
| 15 | A | 35 | A | 55 | A | 75 | A | 95 | A |
| 16 | C | 36 | A | 56 | B | 76 | C | 96 | D |
| 17 | A | 37 | B | 57 | C | 77 | B | 97 | B |
| 18 | B | 38 | D | 58 | C | 78 | C | 98 | A |
| 19 | B | 39 | C | 59 | D | 79 | A | 99 | A |
| 20 | C | 40 | C | 60 | B | 80 | A | 100 | C |